# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-08-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

******************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ IIT દિલ્હીના વિદ્યાર્થીઓને પદવી એનાયત કરતાં કહ્યું કે વિકસિત ભારતના પાયામાં દેશનો યુવાન છે.**
2. **પેમેન્ટ્સ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા PCI એ જણાવ્યું છે કે UPI દ્વારા કરવામાં આવતી ડિજિટલ ચુકવણી ગ્રાહકો માટે નિ:શુલ્ક રહેશે.**
3. **ઝારખંડ સરકારે આજે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ અને નોકરી ઇચ્છુક ઉમેદવારો સાથે વાતચીત કરી**
4. **હિમાચલ પ્રદેશના ચંબામાં ખાનગી બસ પલટી જતાં સાતના મોત અને 11 ઇજાગ્રસ્ત થયા..**
5. **વર્લ્ડ એથ્લેટિક્સ અંડર-20 ચેમ્પિયનશિપમાં ભારતના આશિષ યાદવે પુરુષોના ભાલા ફેંકમાં રજત ચંદ્રક જીત્યો**

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# DAY PM IIT DELHI CONVOCATION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી-IIT દિલ્હીના વિદ્યાર્થીઓને તેમના નિર્ણયોના કેન્દ્રમાં રાષ્ટ્રીય હિત રાખવા અને તેમના કાર્યો દ્વારા દેશને લાભ આપવા તેમજ  તેની જરૂરિયાતોને પૂર્ણ કરવા પુરૂષાર્થ કરવા કહ્યું હતું.. IIT દિલ્હીના 57મા દીક્ષાંત સમારોહને સંબોધતા પ્રધાનમંત્રીએ કહ્યું કે દરેક પેઢી તેના સમયના ચોક્કસ પડકારોનો સામનો કરે છે અને પોતાની રાષ્ટ્રીય જવાબદારી નિભાવે છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે દેશમાં નવા ક્ષેત્રો ઉભરી રહ્યા છે, જે યુવાનો માટે નવી તકો પ્રદાન કરે છે. તેમણે સેમિકન્ડક્ટર, અવકાશ અને ડ્રોન જેવા ક્ષેત્રોનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે ભારત તમામ ક્ષેત્રોમાં આત્મનિર્ભર બનવા તરફ કામ કરી રહ્યું છે. શ્રી મોદીએ કહ્યું કે આત્મનિર્ભરતા તરફની આ ઝુંબેશ વિકસિત ભારતના નિર્માણ માટે એક મજબૂત પાયા તરીકે કાર્ય કરશે.

(BYTE-NARENDRA MODI) (PM SELF RELIENCE)

શ્રી મોદીએ સોશિયલ મીડિયાના યુગમાં વિક્ષેપો વિશે પણ વાત કરી. તેમણે કહ્યું કે વિદ્યાર્થીઓએ પગાર પેકેજ, નોકરીઓ અથવા તેઓ જે ક્ષેત્રમાં કામ કરી રહ્યા છે તેના આધારે પોતાની સરખામણી બીજાઓ સાથે કરવાનું ટાળવું જોઈએ. તેમણે વિદ્યાર્થીઓને ઉજ્જ્વળ ભવિષ્ય માટે પુરૂષાર્થ કરવા કહ્યું

(BYTE-NARENDRA MODI) (PM ON STUDENT)

કેન્દ્રીય શિક્ષણ મંત્રી પ્રહલાદ જોશી, IIT દિલ્હીના બોર્ડ ઓફ ગવર્નર્સના અધ્યક્ષ હરીશ સાલ્વે અને IIT દિલ્હીના ડિરેક્ટર પ્રોફેસર રંગન બેનર્જી પણ સમારોહમાં હાજર રહ્યા હતા. આ પ્રસંગે, પ્રધાનમંત્રીએ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરીને  IIT દિલ્હી ખાતે ઉચ્ચ પ્રદર્શન કમ્પ્યુટિંગ સુવિધા 'પરમ પ્રજ્ઞા'નું પણ લોકાર્પણ કર્યું.

# NPCI-UPI

પેમેન્ટ્સ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા PCI એ જણાવ્યું છે કે UPI દ્વારા કરવામાં આવતી ડિજિટલ ચુકવણી ગ્રાહકો માટે નિ:શુલ્ક  રહેશે. ડિજિટલ ચુકવણી સ્વીકારવા બદલ વેપારીઓ પાસેથી પણ કોઈ ફી લેવાશે નહીં. પરિષદે જણાવ્યું કે બેંકો, ફિનટેક કંપનીઓ, NPCI અને ભારતીય રિઝર્વ બેન્ક UPIને સુરક્ષિત અને વિશ્વસનીય રાખવા ટેકનોલોજી, સાયબર સુરક્ષા, છેતરપિંડી નિવારણ અંગેની નવી સુવિધાઓમાં સતત ઉમેરો કરી રહ્યા છે.

PCI એ સ્પષ્ટ કર્યું કે ગ્રાહકોને વેપારીઓ અને ચુકવણી સેવા પ્રદાતાઓ પરની વાણિજ્યિક ફી ચૂકવવાની જરૂર રહેશે નહીં. પરિષદે  જણાવ્યું કે UPI દેશમાં એક મહત્વપૂર્ણ ડિજિટલ સિસ્ટમ બની ગઈ છે, જેનો ઉપયોગ લાખો લોકો કરી રહ્યાં છે.

# JH STUDENT PROTEST

ઝારખંડ સરકારે આજે JPSC અને JSSC દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓમાં કથિત ગેરરીતિઓ અંગે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ અને નોકરી ઇચ્છુક ઉમેદવારો સાથે વાતચીત કરી હતી.

આ બેઠક રાંચીના રાજ્ય અતિથિ ગૃહમાં શરૂ થઈ હતી. વિદ્યાર્થીઓ અને નોકરી ઇચ્છુક ઉમેદવારોનું પ્રતિનિધિત્વ કરતું આઠ સભ્યોનું પ્રતિનિધિમંડળ સરકારી અધિકારીઓ સાથે ચર્ચા કરી રહ્યું છે.

પરીક્ષાઓમાં કથિત ગેરરીતિઓ સામે છેલ્લા બે અઠવાડિયાથી રાજ્યની રાજધાનીમાં થયેલા વિરોધ પ્રદર્શનો બાદ આ વાતચીત થઈ છે. સરકાર અને વિદ્યાર્થીઓના પ્રતિનિધિમંડળ વચ્ચે ગઈકાલે સાંજે પ્રથમ ઔપચારિક બેઠક યોજાઈ હતી.

# JOSHI- EDU MEETING

કેન્દ્રીય શિક્ષણ મંત્રી પ્રહલાદ જોશીએ સરકાર શિક્ષણ ઇકોસિસ્ટમને મજબૂત બનાવવાના હેતુથી કાર્યક્રમોના સમયસર અને અસરકારક અમલીકરણ માટે પ્રતિબદ્ધ હોવાનો પુનરોચ્ચાર કર્યોતેમણે . ગઈકાલે રાત્રે શિક્ષણ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ સાથે યોજેલી બેઠકની અધ્યક્ષતા કરતી વખતે આ વાત કહી .

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી જોશીએ જણાવ્યું કે બેઠકમાં મંત્રાલયની વિવિધ પહેલોની સમીક્ષા અને તેમના સમયસર અને અસરકારક અમલીકરણને સુનિશ્ચિત કરવા અમલીકરણ પ્રાથમિકતાઓની ચર્ચા કરવામાં આવી. દેશના શિક્ષણ ઇકોસિસ્ટમમાં ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર હોય તેવા મુખ્ય ક્ષેત્રોની પણ ચર્ચા થઈ .

# PUNJAB-NIA

રાષ્ટ્રીય તપાસ એજન્સી NIA એ સરહદ પાર આતંકવાદી ષડયંત્રના બે આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરી છે. બંને પંજાબ અને નવી દિલ્હીમાં આયોજિત હુમલાઓમાં ઉપયોગ માટે ભારત-પાકિસ્તાન સરહદ પાર વિસ્ફોટકો, હથિયારો અને હેરોઇનની કથિત દાણચોરીમાં સંડોવાયેલા છે.

NIA ની મોહાલી સ્થિત સ્પેશિયલ કોર્ટમાં ગઈકાલે દાખલ કરાયેલી ચાર્જશીટમાં શુભમ કુમારનું નામ આપવામાં આવ્યું છે, જેની ધરપકડ કરવામાં આવી છે અને જસવીર ચૌધરી, જે હજુ પણ ફરાર છે.

આ વર્ષે ફેબ્રુઆરીમાં અમૃતસર સ્થિત સ્ટેટ સ્પેશિયલ ઓપરેશન સેલે કુમારની જીવંત IED, રિમોટ-કંટ્રોલ ડિવાઇસ, વિદેશી બનાવટની પિસ્તોલ અને જીવંત કારતૂસ અને હેરોઇન સાથે ધરપકડ કર્યા પછી NIA એ પંજાબ પોલીસ પાસેથી તપાસ સંભાળી લીધી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# BRICS - BHOPAL

મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાં આજે બ્રિક્સ દેશોના સંસ્કૃતિ મંત્રીઓની બેઠક યોજાશે. આ બેઠકમાં સભ્ય દેશો વચ્ચે સાંસ્કૃતિક વારસો, સંગ્રહાલયો, સર્જનાત્મક અર્થતંત્ર અને સાંસ્કૃતિક આદાનપ્રદાન અંગે ચર્ચા કરાશે. મંત્રીઓ સંસ્કૃતિમાં સહયોગ અને લોકો-થી-લોકોના સંપર્કોને મજબૂત કરવાના માર્ગો પર પણ ચર્ચા કરશે. આ બેઠક બ્રિક્સ સંસ્કૃતિ મંત્રીઓના ઘોષણાપત્રને અપનાવવા સાથે સમાપ્ત થશે. જે ભવિષ્યના સાંસ્કૃતિક સહયોગ માટે એક રૂપરેખા નક્કી કરશે. બેઠક બાદ મંત્રીઓ અને પ્રતિનિધિમંડળના સભ્યો સાંચીમાં સમૃદ્ધ બૌદ્ધ વારસા અને પ્રાચીન સ્થાપત્યનું અન્વેષણ કરશે. પ્રતિનિધિમંડળ બુદ્ધ જંબુદ્વીપ અને વિશ્વ વિખ્યાત સાંચી સ્તૂપની મુલાકાત લેશે. તેઓ ચેતિયાગિરી મંદિરની પણ મુલાકાત લેશે અને યોગ અને ધ્યાન સત્રોમાં ભાગ લેશે. સાંજે, બૌદ્ધ ઇતિહાસ અને કલા પર 3D પ્રોજેક્શન મેપિંગ અને લાઇટ એન્ડ સાઉન્ડ શોનું આયોજન કરવામાં આવશે.

દરમિયાન, ગઈકાલે, કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે ઇન્ડોનેશિયા અને દક્ષિણ આફ્રિકાના સંસ્કૃતિ મંત્રીઓ સાથે દ્વિપક્ષીય બેઠક યોજી સાંસ્કૃતિક વારસો, સર્જનાત્મક ઉદ્યોગો, કૌશલ્ય વિકાસ અને સાંસ્કૃતિક આદાનપ્રદાન પર ચર્ચા કરી.

# HP-ACCIDENT

હિમાચલ પ્રદેશના ચંબામાં આજે વહેલી સવારે ખાનગી બસ પલટી જતાં સાતના મોત અને 11  ઇજાગ્રસ્ત થયા છે. પ્રાથમિક માહિતી મુજબ ખાનગી બસ બૈરાગઢથી ચંબા તરફ જઈ રહી હતી ત્યારે ચાલુઆંજ વળાંક નજીક રસ્તા પરથી વાહન પલટી જતાં અકસ્માત સર્જાયો હતો. 6 ઇજાગ્રસ્તોને વધુ સારવાર માટે પંડિત જવાહરલાલ નહેરુ સરકારી મેડિકલ કોલેજ અને હોસ્પિટલ ખાતે મોકલાયા છે.

ચંબા પોલીસ અધિક્ષક વિજય સકલાનીએ જણાવ્યું કે અકસ્માતમાં જીવ ગુમાવનારા સાત લોકોની ઓળખ હજુ સુધી થઈ શકી નથી. બચાવ કામગીરી ચાલી રહી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દુર્ઘટનામાં થયેલી જાનહાનિ પર શોક વ્યક્ત કર્યો છે . મીડિ સોશિયલયા સંદેશમાં, શ્રી મોદીએ આ ઘટનામાં પોતાના પ્રિયજનો ગુમાવનારા પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરીતેમણે ઇજાગ્રસ્તોના ઝડપી સ્વસ્થ થવાની પણ  . .કામના કરી હતી

# KERALAM - ONAM SEASON

કેરળમ ઓણમ તહેવાર માટે રેલ્વેએ ખાસ ટ્રેન સેવાઓની સંખ્યા વધારીને 112 કરી છે. સાંભળીએ એક અહેવાલ....

V/C - VAISHNAVI-SMITHY

# DAY PM IIT DELHI CONVOCATION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી-IIT દિલ્હીના વિદ્યાર્થીઓને તેમના નિર્ણયોના કેન્દ્રમાં રાષ્ટ્રીય હિત રાખવા અને તેમના કાર્યો દ્વારા દેશને લાભ આપવા તેમજ  તેની જરૂરિયાતોને પૂર્ણ કરવા પુરૂષાર્થ કરવા કહ્યું હતું.. IIT દિલ્હીના 57મા દીક્ષાંત સમારોહને સંબોધતા પ્રધાનમંત્રીએ કહ્યું કે દરેક પેઢી તેના સમયના ચોક્કસ પડકારોનો સામનો કરે છે અને પોતાની રાષ્ટ્રીય જવાબદારી નિભાવે છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે દેશમાં નવા ક્ષેત્રો ઉભરી રહ્યા છે, જે યુવાનો માટે નવી તકો પ્રદાન કરે છે. તેમણે સેમિકન્ડક્ટર, અવકાશ અને ડ્રોન જેવા ક્ષેત્રોનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે ભારત તમામ ક્ષેત્રોમાં આત્મનિર્ભર બનવા તરફ કામ કરી રહ્યું છે. શ્રી મોદીએ કહ્યું કે આત્મનિર્ભરતા તરફની આ ઝુંબેશ વિકસિત ભારતના નિર્માણ માટે એક મજબૂત પાયા તરીકે કાર્ય કરશે.

(BYTE-NARENDRA MODI) (PM SELF RELIENCE)

શ્રી મોદીએ સોશિયલ મીડિયાના યુગમાં વિક્ષેપો વિશે પણ વાત કરી. તેમણે કહ્યું કે વિદ્યાર્થીઓએ પગાર પેકેજ, નોકરીઓ અથવા તેઓ જે ક્ષેત્રમાં કામ કરી રહ્યા છે તેના આધારે પોતાની સરખામણી બીજાઓ સાથે કરવાનું ટાળવું જોઈએ. તેમણે વિદ્યાર્થીઓને ઉજ્જ્વળ ભવિષ્ય માટે પુરૂષાર્થ કરવા કહ્યું

(BYTE-NARENDRA MODI) (PM ON STUDENT)

કેન્દ્રીય શિક્ષણ મંત્રી પ્રહલાદ જોશી, IIT દિલ્હીના બોર્ડ ઓફ ગવર્નર્સના અધ્યક્ષ હરીશ સાલ્વે અને IIT દિલ્હીના ડિરેક્ટર પ્રોફેસર રંગન બેનર્જી પણ સમારોહમાં હાજર રહ્યા હતા. આ પ્રસંગે, પ્રધાનમંત્રીએ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરીને  IIT દિલ્હી ખાતે ઉચ્ચ પ્રદર્શન કમ્પ્યુટિંગ સુવિધા 'પરમ પ્રજ્ઞા'નું પણ લોકાર્પણ કર્યું.

# RABINDRANATH THAKUR

રાષ્ટ્ર આજે નોબેલ પુરસ્કાર વિજેતા અને રાષ્ટ્રગીતના લેખક રવીન્દ્રનાથ ટાગોરને તેમની 85મી પુણ્યતિથિ પર યાદ કરી રહ્યું છે.

ગુરુદેવ તરીકે જાણીતા, તેમનું અવસાન 7 ઓગસ્ટ, 1941 ના રોજ થયું હતું, જે બંગાળી કેલેન્ડરમાં શ્રાવણ મહિનાના 22મા દિવસે આવે છે. આ પ્રસંગે, પશ્ચિમ બંગાળ અને દેશના અન્ય ભાગોમાં લોકો કવિ, દાર્શનિક, સંગીતકાર અને એશિયાના પ્રથમ નોબેલ પુરસ્કાર વિજેતાને શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે. કોલકાતામાં રવીન્દ્રનાથ ટાગોરના પૈતૃક ઘર જોરાસાંકો ઠાકુરબારી અને શાંતિનિકેતનમાં ખાસ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

# J & K : AMARNATH YATRA SUSPENDED

જમ્મુ અને કાશ્મીરમાં, જમ્મુશ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર અનેક - સ્થળોએ ખરાબ હવામાન અને માર્ગ અવરોધિત થતાં આજે જમ્મુથી બાલતાલ તરફની અમરનાથયાત્રા સ્થગિત કરાઇ છે જોક બાલતાલથી પવિત્ર ગુફા મંદિર તરફની યાત્રા રાબેતા મુજબ ચાલુ છે. સવારથી જ 1200 થી વધુ યાત્રાળુઓએ દર્શન કર્યા છે જે. તેમને બાલતાલ છોડીને જમ્મુ તરફ યાત્રીઓ પહેલાથી જ દર્શન કરી ચૂક્યા હતા આગળ વધવાની મંજૂરી આપવામાં આવી હતી

# ATHLETICS U20 CHAMP

અમેરિકાના યુજીનમાં ચાલી રહેલી વર્લ્ડ એથ્લેટિક્સ અંડર-20 ચેમ્પિયનશિપના ત્રીજા દિવસે ભારતે પોતાનો પહેલો ચંદ્રક જીત્યો.

આશિષ યાદવે પુરુષોના ભાલા ફેંકમાં રજત ચંદ્રક જીત્યો. 19 વર્ષીય આશિષે પોતાના ત્રીજા પ્રયાસમાં 74.09 મીટરના શ્રેષ્ઠ થ્રો સાથે બીજા સ્થાને રહ્યા. તે વર્લ્ડ એથ્લેટિક્સ અંડર-20 ચેમ્પિયનશિપમાં મેડલ જીતનાર બીજા ભારતીય બન્યા.

દક્ષિણ આફ્રિકાના જાન-હેન્ડ્રિક હેમાન્સે પોતાના છઠ્ઠા અને અંતિમ પ્રયાસમાં 80.50 મીટરના થ્રો સાથે સુવર્ણ ચંદ્રક જીત્યો. આ સિઝનનો શ્રેષ્ઠ અંડર-20 વર્લ્ડ રેકોર્ડ પણ બન્યો.